પેજ3

## રણવીર સિંહ અને સંજય લીલા ભણસાલી વચ્ચે મતભેદ



મુંબઈ, તા. 14: 'લવ એન્ડ વોર' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ન આપવાને કારણે અભિનેતા રણવીર સિંહ અને દિગ્દર્શક સંજય લીલા ભણસાલી વચ્ચે મતભેદ થયાના અહેવાલ છે. એક અહેવાલ મુજબ, રામલીલા, પદ્માવત અને બાજીરાવ મસ્તાની જેવી હિટ ફિલ્મો આપ્યા પછી, રણવીર સિંહ સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મમાં લીડ રોલ ન કરવા બદલ નારાજ છે. સંજય લીલા ભણસાલીની લવ ટ્રાઈએન્ગલ ફિલ્મમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે. અહેવાલ મુજબ, રણવીરને બીજી મુખ્ય ભૂમિકાની ઓફર કરવામાં આવી હતી, જેને અભિનેતાએ નકારી કાઢી હતી. પછી આ ભૂમિકા વિક્કી કૌશલને સોંપવામાં આવી. તેમના મતભેદને કારણે ભણસાલીને રણવીર સિંહના જન્મદિવસની પાર્ટીમાં પણ આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.

## દક્ષિણ ભારતનાં પીઢ અભિનેત્રી બી સરોજા દેવીનું નિધન



નવી દિલ્હી, તા. 14: દક્ષિણ ભારતનાં પીઢ અભિનેત્રી બી સરોજા દેવીનું સોમવારે બેંગલુરુના મલ્લેશ્વરમમાં તેમના નિવાસસ્થાને 87 વર્ષની વયે નિધન થયું હતું. અહેવાલો મુજબ, દિગ્ગજ સ્ટાર હાલના મહિનાઓમાં વય-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે લડી રહ્યા હતાં. સરોજા દેવીએ તેમની શાનદાર કારકિર્દી દરમિયાન અનેક સ્નેહપૂર્ણ ઉપનામ મેળવ્યા હતા. તમિલ સિનેમામાં તેમને પ્રેમથી કન્નડથુ પેઇન્ગીલી (કર્ણાટકનો પોપટ) તરીકે ઓળખવામાં આવતાં હતાં, જ્યારે કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં તેમને અભિનય સરસ્વતી નામથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. માત્ર 17 વર્ષની ઉંમરે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરનાર સરોજા દેવીએ 1955માં કન્નડ ફિલ્મ મહાકવિ કાલિદાસથી નોંધપાત્ર શરૂઆત કરી હતી. ફિલ્મમાં તેમના શક્તિશાળી અભિનયથી તેમને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. તેમને કન્નડ સિનેમાની પ્રથમ મહિલા સુપરસ્ટાર તરીકે માનવામાં આવતાં હતાં, તેમણે બહુ ઝડપથી પ્રસિદ્ધિ મેળવી હતી.

# શહીદોને શ્રદ્ધાંજલિ આપવા ઓમર અબ્દુલ્લા કબ્રસ્તાનના દરવાજા પર ચઢી ગયા

**રવિવારે** ઓમર અબ્દુલ્લા અને અન્ય નેતાઓને કબ્રસ્તાન સુધી પહોંચતા અટકાવવામાં આવ્યા હત

**ફારુક** અબ્દુલ્લા શહીદ સ્મારક સુધી ઓટોરિક્ષામાં જ્યારે શિક્ષણ મંત્રી સ્કૂટી પર પાછળ બેસીને પહોંચ્યા



શ્રીનગર, તા. 14 (પીટીઆઈ): 1931માં ડોગરા સેના દ્વારા માર્યા ગયેલા 22 લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે જમ્મુ અને કાશમીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સોમવારે નક્શબંદ સાહિબ કબ્રસ્તાનના દરવાજા પર ચઢ્યા હતા અને કહ્યું હતું કે તેમને 'શારીરિક રીતે પકડવામાં' આવ્યો હતો પરંતુ તેઓ અટકવાના નથી.

13 જુલાઈના રોજ શહીદ દિવસ નિમિત્તે કબ્રસ્તાનમાં જતા અટકાવવા માટે અબ્દુલ્લા અને નેશનલ કોન્ફરન્સ અને વિરોધ પક્ષોના અનેક નેતાઓને કથિત રીતે નજરકેદ કરવામાં આવ્યાના એક દિવસ પછી આ નાટકીય ઘટનાક્રમ બન્યો હતો.

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લા ખાન્યાર ક્રોસિંગથી શહીદ સ્મારક સુધી ઓટોરિક્ષામાં ગયા હતા જ્યારે શિક્ષણ મંત્રી સકીના ઇટ્ટુએ સ્કૂટી પર પાછળ બેસીને સ્મારક સુધી પહોંચીને બધાને આશ્ચર્યમાં મૂક્યા હતા.

ઓમર અબ્દુલ્લાનો કાફલો જુના શહેરના ખાન્યાર પહોંચતા જ, તેઓ પોતાના વાહનમાંથી ઉતરી ગયા અને કબ્રસ્તાન પહોંચવા માટે એક કિ.મી. થી વધુ ચાલ્યા હતા પણ ત્યાં દરવાજો બંધ હતો.

ત્યારબાદ મુખ્યમંત્રી મુખ્ય દરવાજા ઉપર ચઢી ગયા અને 'ફતેહા' કરવા માટે કબ્રસ્તાન પરિસરમાં પ્રવેશ કર્યો. તેમના સુરક્ષા કર્મચારીઓ અને અન્ય ઘણા નેશનલ કોન્ફરન્સ નેતાઓએ પણ આમ કર્યું, ત્યારબાદ દરવાજો ખોલી દેવાયો હતો.

ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને પોલીસ પર પ્રહાર કરતા, ઓમર અબ્દુલ્લાએ પત્રકારોને કહ્યું, 'એ દુઃખદ છે કે જે લોકો દાવો કરે છે કે તેમની જવાબદારી સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા છે, તેમના નિર્દેશો પર અમને અહીં 'ફતેહા' કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી.'

પ્રતિબંધ ગઈકાલ માટે હતું ત્યારે તેમણે અમને આજે કેમ અટકાવ્યા, એમ તેમણે કહ્યું. 1931માં શ્રીનગરની સેન્ટ્રલ જેલની બહાર ડોગરા સેના દ્વારા માર્યા ગયેલા 22 લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે 13 જુલાઈને જમ્મુ અને કાશમીરમાં 'શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. લેફ્ટનન્ટ ગવર્નર વહીવટીતંત્રે 2020માં ગેઝેટેડ રજાઓની યાદીમાંથી આ દિવસને હટાવી દીધો હતો.



# ટોરંટોમાં રથયાત્રામાં સામેલ શ્રદ્ધાળુઓ પર ઈંડા ફેંકવામાં આવ્યા

**ભારત** સરકારે કેનેડા સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો રોષે ભરાયેલા ભારતીયોએ જાતિવાદ અને વિદેશીઓ પ્રત્યે દ્વેષના આરોપો લગાવ્યા

ટોરંટો, તા. 14: ટોરંટોમાં નીકળેલી રથયાત્રામાં તણાવ ફેલાયો હતો જ્યારે અજાણ્યા શખ્સો દ્વારા શ્રદ્ધાળુઓ પર ઈંડા ફેંકવામાં આવ્યા હતા જેના પગલે ભારે રોષ ફેલાયો હતો અને જાતિવાદ અને વિદેશીઓ પ્રત્યે દ્વેષના આરોપો લગાવવામાં આવ્યા હતા. એક સોશિયલ મીડિયા યુઝરે એક વીડિયો અપલોડ કર્યા પછી આ ઘટના સામે આવી હતી જેમાં ટોરોન્ટોના માર્ગો પર ભક્તો ભક્તિ ગીતો ગાતા દેખાય છે જ્યારે નજીકની ઈમારતમાંથી કોઈએ તેમના પર ઈંડા ફેંક્યા હતા.

'નજીકની ઈમારતમાંથી કોઈએ અમારા પર ઈંડા ફેંક્યા.. કેમ? કારણ કે શ્રદ્ધા ઘોંઘાટ કરે છે? કારણ કે અમારો આનંદ તેમના માટે અજાણ્યો હતો? અમે અટક્યા નહીં. કારણ કે જ્યારે ભગવાન જગન્નાથ શેરીઓમાં ફરે છે, ત્યારે કોઈ નફરત અમને હચમચાવી શકતી નથી', એમ ઈન્સ્ટાગ્રામ યુઝર સંગ્ના બજાજે કહ્યું.

'અમે સ્તબ્ધ થઈ ગયા. દુઃખ થયું. પરંતુ અમે અટક્યા નહીં. કારણ કે નફરત ક્યારેય શ્રદ્ધા પર કાબુ મેળવી શકતી નથી', એમ ટોરોન્ટોમાં રહેતા એક ભારતીય નાગરીકે કહ્યું.

ભારત સરકારે કેનેડા સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે અને આ કૃત્યના ગુનેગારોને જવાબદાર ઠેરવવા કહ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ ઘટનાને 'ધિક્કારપાત્ર' અને 'દુઃખદ' ગણાવી હતી.

# ગજપતિ રાજુ ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરાયા, કવિન્દર ગુપ્તાને લડાખના એલજી બનાવાયા

**પશ્ચિમ** બંગાળના ભાજપ નેતા અશીમ કુમાર ઘોષ હરિયાણાના નવા રાજ્યપાલ બનશે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): સોમવારે ભૂતપૂર્વ નાગરીક ઉડ્ડયન મંત્રી પુષ્પતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી કવિંદર ગુપ્તાને લડાખના નવા લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના વરિષ્ઠ ભાજપ નેતા અશીમ કુમાર ઘોષ હરિયાણાના નવા રાજ્યપાલ બનશે,એમ એક સત્તાવાર જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું.

આ નિમણૂકો તેઓ તેમના સંબંધિત કાર્યાલયનો કાર્યભાર સંભાળે તે તારીખથી અમલમાં આવશે, એમ તેમાં જણાવાયું છે.

આંધ્રપ્રદેશના દિગ્ગજ તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) નેતા રાજુ ગોવાના રાજ્યપાલ તરીકે પી.એસ. શ્રીધરન પિલ્લઈના સ્થાને આવશે. પિલ્લઈએ 15 જુલાઈ, 2021ના રોજ ગોવાના રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા.

74 વર્ષીય રાજુ 27 મે, 2014 અને 10 માર્ચ 2018 વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હેઠળ નાગરીક ઉડ્ડયન મંત્રી રહ્યા હતા. તેમણે આંધ્ર પ્રદેશ સકરાકમાં પણ મંત્રી પદે રહી ચુક્યા છે.

લડાખના નવા નિયુક્ત કરાયેલા લે. ગવર્નર ગુપ્તા જમ્મુ કાશ્મીરથી ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ અગાઉના જમ્મુ કાશ્મીર રાજ્યમાં નાયબ મુખ્યમંત્રી અને સ્પીકરના પદે રહી ચુક્યા છે. 66 વર્ષીય ગુપ્તા જમ્મુ શહેરના જાનીપુર વિસ્તારના રહેવાસી છે.

ગુપ્તા લડાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિવૃત્ત બ્રિગેડિયર બી ડી મિશ્રાની જગ્યા લેશે.

રાષ્ટ્રપતિની ઓફિસે જારી કરેલા નિવેદનમાં કહેવાયું હતું કે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ બ્રિગેડિયર મિશ્રાનું રાજીનામું સ્વીકાર્યું છે.

પશ્ચિમ બંગાળના અશીમ કુમાર ઘોષ 1999 અને 2002 વચ્ચે પક્ષના રાજ્ય એકમના અધ્યક્ષ રહી ચુક્યા છે તેઓ બંદારુ દત્તાત્રેયની જગ્યા લેશે.





# બ્રિટનના એરપોર્ટ પરથી વિમાન ઉડતાની સાથે તૂટી પડ્યું, ચારનાં મોત

**તૂટી** પડ્યા બાદ તુરંત જ વિમાનમાં આગ લાગી

લંડન, તા. 14: રવિવારે બપોરે ઈંગ્લેન્ડના દક્ષિણપૂર્વ કિનારે લંડન સાઉથેન્ડ એરપોર્ટ પર એક નાનું વિમાન ટેક ઓફ કરતાની સાથે જ તૂટી પડ્યું હતું અને બાદમાં તેમાં આગ લાગી હતી, આ અકસ્માતમાં 4 વિદેશી નાગરીકોનાં મોત થયાં હતાં. આ ઘટનાના પગલે એરપોર્ટથી ઉપડતી તમમા ફ્લાઈટ રદ કરવામાં આવી હતી અને તેને આગામી સુચના સુધી બંધ કરવામાં આવ્યું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ મેડિકલ વિમાન નેધરલેન્ડની કંપની ઝીઉશ એવિએશન દ્વારા સંચાલિત હતું અને આઈટી અબજપતિ કોન ઝ્વીન્કેલ્સની માલિકીનું હતું.

એસેક્સ પોલીસે જણાવ્યું હતું કે સાંજે 4 વાગ્યા પહેલાં તેમને અહેવાલ મળ્યા હતા કે 'સાઉથેન્ડ-ઓન-સી'માં 12-મીટર જનરલ એવિએશન વિમાનમાં આગ લાગી છે. તેમણે પુષ્ટી કરી હતી કે વિમાનમાં સવાર તમામ ચાર મુસાફરો વિદેશી નાગરિક હતા. બે ડચ પાઈલોટ અને ચીલીની એક નર્સ તેમાં સામેલ હતાં. વિમાન સાઉથેન્ડમાં એક દર્દીને મૂકીને નેધરલેન્ડ પરત જઈ રહ્યું હતું.

'અમે સાઉથેન્ડ એરપોર્ટ પર એક ગંભીર અકસ્માતના સ્થળે છીએ', એમ એક પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું અને કહ્યું કે કટોકટી કામગીરી ઘણા કલાકો સુધી ચાલુ રહેશે.

ઈસ્ટ ઈંગ્લેન્ડ એમ્બ્યુલન્સ સેવાએ ઘટનાસ્થળે ચાર ઈમરજન્સી ક્રૂ મોકલ્યા હતા, જેમાં એક ઝડપી વાહન એક જોખમી વિસ્તાર રીસ્પોન્સ ટીમ અને એક વરિષ્ઠ પેરામેડિક સામેલ હતા.

એસેક્સ કાઉન્ટી ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસે પણ પોતાના બચાવ કર્મચારીઓ અને વાહનોને ઘટના સ્થળ પર મોકલ્યા હતા.

# હાશ...છૂટ્યા!



**આસામની** એક વ્યક્તિએ છૂટાછેડાની ઉજવણી માટે 40 લિટર દૂધથી સ્નાન કર્યું

નલબારી (આસામ), તા. ૧૪ (પીટીઆઈ): આસામના નલબારી જિલ્લામાં એક પુરુષે પોતાની આઝાદી ઉજવવા માટે દૂધથી સ્નાન કર્યું હતું. આ અનોખી ઉજવણીનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. માનિક અલીના તેની પત્નીથી છૂટાછેડા થતાં તેની ઉજવણી કરી રહ્યો હતો, જે લગ્નેત્તર સંબંધોને કારણે ભાગી ગઈ હતી.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોમાં અલીને એમ કહેતા સાંભળી શકાય છે કે, ''હું આજથી આઝાદ છું.''

બોરોલિયાપરાના રહેવાસી અલીએ દાવો કર્યો હતો કે, તેની પત્ની બે વાર ભાગી ગઈ હતી અને તેણે તેની સગીર પુત્રી માટે બંને વખત પાછા ફરવા માટે તેને સમજાવી હતી.

પરંતુ અનિશ્ચિતતામાં જીવવા માટે અસમર્થ દંપતીએ છૂટાછેડા માટે કાનૂની રસ્તો અપનાવ્યો હતો, જે બે દિવસ પહેલા મંજૂર કરવામાં આવ્યો હતો. અલીને તેના સત્તાવાર છૂટાછેડાના સમાચાર મળતાં જ તેણે આ અનોખી રીતે આ પ્રસંગ ઉજવવાનું નક્કી કર્યું.

અલીએ ચાર ડોલમાં ૪૦ લિટર દૂધ ભેગું કર્યું અને તેનાથી તેણે સ્નાન કર્યું, વારંવાર કહેતો રહ્યો કે, ''હું આજથી આઝાદ છું.'' આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયો હતો.

# ચીફ જસ્ટિસ ગવઈને ચેપ લાગ્યો, હૉસ્પિટલમાં સારવાર હેઠળ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈને તાજેતરમાં હૈદરાબાદની સત્તાવાર મુલાકાત દરમિયાન ગંભીર ચેપ લાગ્યો હોવાનું નિદાન થયું હતું અને દિલ્હીની એક હોસ્પિટલમાં સારવાર બાદ તેમની હાલત સુધારા પર છે. એમ સોમવારે સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ''સીજેઆઈની હાલતમાં સુધારો થઈ રહ્યો છે અને તેમને રજા આપવામાં આવે તેવી અપેક્ષા છે અને એક કે બે દિવસમાં ફરજ પર પાછા ફરવાની અપેક્ષા છે.''

સીજેઆઈ 12 જુલાઈના રોજ નાલસર યુનિવર્સિટી ઓફ લો ખાતે દીક્ષાંત સમારોહમાં ભાષણ આપવા માટે હૈદરાબાદમાં હતા.

સીજેઆઈ ગવઈએ તે જ દિવસે હૈદરાબાદમાં ''બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર - બંધારણ સભા - ભારતનું બંધારણ'' શીર્ષક ધરાવતું એક ખાસ પોસ્ટલ કવર અને ''ભારતના બંધારણમાં કલા અને સુલેખન'' પર ચિત્ર પોસ્ટકાર્ડનો સેટ પણ બહાર પાડ્યો હતો.

# સ્પેનના કેટેલોનિયામાં ભારે વરસાદ પછી પૂરનો હાહાકાર

**દક્ષિણ** સ્પેનના જંગલમાં દાવાનળ

માડ્રીડ, તા. ૧૪: સ્પેનમાં સખત ગરમીના માહોલ વચ્ચે તેના કેટેલોનિયા પ્રદેશમાં ભારે વરસાદ પછી પૂર આવ્યા છે. આ પૂરમાં ઓછામાં ઓછી બે વ્યક્તિઓ તણાઈ ગઈ હોવાના અહેવાલ છે.

કેટાલોનિયામાં હિંસક પૂરમાં વહી ગયેલા બે લોકોની શોધખોળ અધિકારીઓએ સ્થગિત કરી દીધી છે, કારણ કે આ વિસ્તારમાં પાંચ વખત શોધખોળ કર્યા પછી પણ કોઈ પરિણામ મળ્યું નથી. શનિવારે મોડી રાત્રે લાકડાના ફૂટબ્રિજને પાર કરતી વખતે ક્યુબેલ્સમાંથી વહેતી ફોઇક્સ નદીમાં એક મહિલા અને એક યુવાન છોકરી તણાઈ ગયા હોવાનું માનવામાં આવે છે. મેયરે જણાવ્યું હતું કે શહેરમાં પાણીનો પ્રવાહ પ્રતિ સેકન્ડ 200 ઘન મીટર સુધી પહોંચી ગયો હતો, જેના કારણે એક પુલ નાશ પામ્યો હતો અને રહેવાસીઓને મળતો પાણી પુરવઠો બંધ થઈ ગયો હતો. પશ્ચિમમાં આવેલા એરાગોનમાં, એક શહેરમાં પ્રતિ ચોરસ મીટર 72 લિટર વરસાદ પડ્યો અને ત્રણ પ્રાંતોમાં 4,631 વીજળી પડી હતી. દક્ષિણમાં આવેલા વેલેન્સિયામાં 22 વર્ષીય મહિલા 'વીજળી પડવાથી ઘાયલ' થઈ હતી અને રવિવારે તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. બીજી બાજુ સ્પેનના શુષ્ક દક્ષિણમાં તાપમાન 40C તરફ આગળ વધ્યું, એક લોકપ્રિય પર્યટન સ્થળ નજીક જંગલમાં આગ લાગી હતી.



# રશિયા ભારતથી 10 લાખ કુશળ કામદારોને બોલાવશે

**સ્વેર્ડલોવસ્ક** પ્રદેશમાં ઉચ્ચ લાયકાત ધરાવતા કાર્યબળની અછત છે

મોસ્કો, તા. 14 (પીટીઆઈ): રશિયા દેશના ઉચ્ચ ઔદ્યોગિક વિસ્તારોમાં શ્રમિકોની અછતને પહોંચી વળવા માટે આ વર્ષના અંત સુધીમાં 10 લાખ જેટલા કાર્યબળની આયાત કરશે, એમ એક ઉદ્યોગપતિએ જણાવ્યું હતું.

'જ્યાં સુધી માને માહિતી છે, વર્ષના અંત સુધીમાં ભારતમાંથી 10 લાખ નિષ્ણાતો રશિયા આવશે, જેમાં સ્વેર્ડલોવસ્ક પ્રદેશ પણ સામેલ છે. યેકાટેરિનબર્ગમાં એક નવું કોન્સ્યુલેટ જનરલ ખુલી રહ્યું છે, જે આ મુદ્દાઓને જોશે', એમ યુરલ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વડા એન્ડ્રે બેસેડિને એક સમાચાર સંસ્થાને જણાવ્યું હતું.

બેસેડિને કહ્યું કે ભારતીયોનું સ્થળાંતર સ્વેર્ડલોવસ્ક પ્રદેશમાં ઉચ્ચ લાયકાત ધરાવતા કાર્યબળની અછતને પૂરી કરશે.

સ્વેર્ડલોવસ્ક ઉરલ પર્વતોમાં આવેલું છે તેની રાજધાની યેકાટેરિનબર્ગ છે અને ત્યાં મોટી સંખ્યામાં રશિયન ભારે ઉદ્યોગ અને લશ્કરી-ઔદ્યોગિક સંકુલ આવેલા છે, જેમાં વિશ્વ વિખ્યાત ઉરલમાશ અને ટી-90 સિરીઝની ટેન્ક નિર્માતા ઉરલ વેગન ઝાવોડ પણ સામેલ છે.

બેસેડિને કહ્યું કે ઔદ્યોગિક સાહસોને ઉત્પાદનની માત્રા વધારવાની જરૂર છે પણ આ પ્રદેશમાં કુશળ કામદારોની અછત છે.

યુક્રેનમાં સૈન્ય કાર્યવાહીમાં કેટલાક કામદારો તૈનાત છે, અને યુવાનો ફેક્ટરીઓમાં જતા નથી, એમ તેમણે કહ્યું.

તેમણે કહ્યું કે રશિયા શ્રીલંકા અને ઉત્તર કોરિયાથી પણ કામદારોને બોલાવવાનું વિચારી રહ્યું હતું, પરંતુ તે એક જટિલ મુદ્દો હતો.

ભારતમાંથી સ્થળાંતરિત કામદારો 2024માં રશિયન પ્રદેશોમાં સ્થિત કંપનીઓમાં આવવા લાગ્યા હતા.

રશિયન શ્રમ મંત્રાલયે 2030 સુધીમાં 3.1 મિલિયન લોકોના કાર્યબળની અછતની આગાહી કરી હતી. તેણે 2025માં લાયકાત ધરાવતા વિદેશી કામદારોને આમંત્રિત કરવાના ક્વોટામાં 1.5 ગણો વધારો કરીને 0.23 મિલિયન લોકોનો પ્રસ્તાવ મૂક્યો હતો.